# હવે તો જાગો

(હવે નહિ જાગો તો ક્યારે જાગશો ?)

## ○ નિવૃત્તિમાં પ્રવૃત્તિઓ ○

○ લેખક ○


**શ્રી પ્રેમસૂરીશ્વરજી સંસ્કૃત પાઠશાળા**

તપોવન સંસ્કારપીઠ, અમદાવાદ

પો. સુઘડ, જિ. ગાંધીનગર

મો. 87990 59569

# Senior Citizen
# નિવૃત્તિમાં પ્રવૃત્તિઓ
# Retired but not tired

જૈનસંઘમાં એવા પુણ્યશાળીઓ છે જેની પાસે મહત્વની બે મૂડી છે (૧) અનુભવ અને (૨) સમય. કોઇક પુણ્યશાળી ઉંમરને કારણે અથવા સરકારી સર્વિસને કારણે retire થાય અથવા કોઇને પાપ કરવા નથી તેથી ધંધામાંથી નિવૃત થઇ જાય. તેવા વિશિષ્ટ વ્યક્તિઓમાં કોઇક ડૉક્ટર, વકીલ, સી.એ., શિક્ષક, વેપારી, સરકારી વિભાગના નિષ્ણાંત હોય છે. જો તેઓના અનુભવોનો લાભ જૈનસંઘને મળે તો ઘણાં કાર્યો જૈન સંઘમાં થઇ શકે તે અંગેનું વિવરણ જણાવું છું.

They are the greatest treasure of family, society and nation-Senior Citizen provide transportation or run errands for others. They provide emotional support and friendship everywhere.

રીટાયર્ડ વ્યક્તિઓને ક્યારેક ધર્મની લાગણી પેદા થાય તો ધર્મ તરફ વળી જાય છે. અથવા સામાજિક-રાજકીય લેવલે શક્તિશાળી વ્યક્તિઓ વળે છે પણ જે મધ્યમ છે તેને ઘરે કે બહાર સમય પસાર કરવો ભારે પડે છે. પ્રવૃત્તિમાંથી નિવૃત્ત થવું થોડુંક કઠીન લાગે છે અને અન્ય રીટાયર્ડ વ્યક્તિ સાથે સમય પસાર કરે છે પણ જો આવા રીટાયર્ડ વ્યક્તિઓ પોતે પ્રયત્ન કરીને સારા કાર્યોમાં સમય આપે તો તેઓને સદ્પ્રવૃત્તિ મળે અને સંસ્થાઓને સારા કાર્યકરો મળે તે માટે નીચેના વિષયોમાં સમય આપવો જરૂરી લાગે છે.

## Important Role of Senior Citizen :-

1. A different point of view.
2. Reflecting Society.
3. Helping with care.
4. Tips and Tricks.
5. Needing a Hero.
6. Never too old.

(૧) **રીટાયર્ડ ડૉક્ટર-વૈદ્યો :** સંઘના સભ્યોને મદદરૂપ થવું હોય તો નક્કી કરેલા સમયે સંઘના સભ્યોને માંદગી માટેના સૂચનો આપવાથી બિનજરૂરી અને હિંસક દવાથી બચી જાય. બિનજરૂરી Testing વગેરેથી પણ મધ્યમ વર્ગના વ્યક્તિઓ બચી જાય છે. દવાના આડઅસરને કારણે ભવિષ્યની નવી બીમારીઓથી પણ Safe બને છે. વૈદ્યો તો પરેજી પળાવીને બીમારી થવા દેતા નથી અને ઘરગથ્થું ઉપાયથી પણ ઘણા શરીરસંબંધી પ્રશ્નો હંમેશ માટે Solve કરે છે. આમ નક્કી કરેલ સમયે સંઘના સભ્યો આવી પોતાની બિમારીના ઉપચાર કરાવી લે છે. આવા સેવાભાવી ડૉક્ટરો અને વૈદ્યો પ્રત્યે સંઘના સભ્યોને માન પણ ઉપજે છે. ક્યાંક સસ્તી દવાનો પણ કાર્યક્રમ ચાલે છે. જ્યારે અમુક સ્થાનોમાં Medical Centre ખોલીને Testing સોનોગ્રાફી – સીટીસ્કેનાદિ સસ્તામાં કરાવી આપે છે.

(૨) **રીટાયર્ડ વકીલ :** દેશના કાયદાઓ આંટી ઘૂંટીવાળા હોવાથી તેના અભ્યાસ જૈન સંઘમાં મહત્વનું કાર્ય કરી શકે છે. ઘણાં તીર્થો, પાંજરાપોળ, ઉપાશ્રયાદિની જગ્યાઓ વગેરેના કેસો કોર્ટમાં ચાલતાં હોય છે, ટ્રસ્ટીઓની સમજ અને સમયનો

અભાવ હોવાથી જો સંઘના રીટાયર્ડ અથવા પ્રેક્ટીસ કરતાં વકીલો સમય આપે તો ઘણા પ્રશ્નોનો નિકાલ થઇ જાય ને બિનજરૂરી ટેન્શન ના રહે.

(૩) **રીટાયર્ડ C.A. :** દરેક સંઘનો હિસાબ મહત્વનો હોય છે. તેથી જો સંઘના હિસાબનું ઓડિટ અને Balance Sheet સંઘના C.A. કરે તો હિસાબ ચોક્ખો રહે. સંઘના સભ્યોને સંતોષ થાય તો વધુ રકમ સંઘમાં વપરાય. દેવદ્રવ્ય-જ્ઞાનખાતું-જીવદયાની રકમ તુરંત વપરાય તેવું કરાવી શકાય.

(૪) **રીટાયર્ડ ક્લાર્ક :** જે નાની-મોટી Office માં Clerk આદિ કાર્ય કરતાં હતાં તેઓ સંઘની પેઢીમાં પણ અનેક કાર્યોમાં ટ્રસ્ટીઓની સંમતિથી કરતા હોય છે. પેઢીમાં મહેતાજી એક હોય અને કાર્ય અનેક હોય તો કેવી રીતે પહોંચી વળે. તેથી જો સંઘના વિશ્વાસ વ્યક્તિ અમુક કાર્ય ઉપાડી લે તો કાર્ય ઝડપથી પૂર્ણ થાય. પર્યુષણ બાદ સંઘની પેઢી ઉપર રકમ ગણવા અનેક સભ્યો આવતા હોય ત્યારે અને મોટું ઉપધાનાદિનો પ્રોગ્રામ હોય ત્યારે મહેતાજીને ખૂબ ખેંચ રહેતી હોય છે. બધાને ઉતાવળ હોય છે તેથી બધે પહોંચી વળવું કઠીન પડે છે તો શું કરવું ? કોઇ સેવા આપવા આવે તો મહેતાજીને અનુકૂળ રહે. એક વિભાગ જો સંભાળી લે તો પણ ઘણી રાહત થઇ જાય.

(૫) **દેરાસરની સાર સંભાળ :** દેરાસરના ઘણા કાર્યો ગૃહસ્થો સંભાળતા હોય છે. જેમ કે જીર્ણોદ્ધાર, ગભારા વિભાગ, દેરાસર-જિનાલય શુદ્ધિ, ઓપ-લેપ, ભંડારના પૈસા ગણવા, પૂજારી + તે સિવાયનો Staff વગેરે માટે ૨-૩ રીટાયર્ડ વ્યક્તિ આવીને કાળજી કરે. ગમે તે સમયે આવે અને

ઓચિંતું Checking કરે. આશાતના નિવારણ માટે પોતાનો બધો પ્રયત્ન કરવો જોઇએ. તે કોણ કરે જેની પાસે સમય અને સૂઝ હોય તે કરી શકે.

**(૬) ઉપાશ્રય – વૈયાવચ્ચ :** સાધુ-સાધ્વીજી ભગવંતો આવે ત્યારે પરાત-ડોલાદિની જરૂર પડે છે. પાણીના ઘડાદિ પણ શોધવા પડે છે. નવકારશીના ઘરો બતાવવા. માણસોને વાપરવાદિના પણ પ્રશ્ન ઊભા થાય છે. ત્યારે કોણ ધ્યાન રાખે. ૨-૪ યુવાનો અથવા રીટાયર્ડ વ્યક્તિઓ જવાબદાર હોય તો વ્યવસ્થા થઇ જાય. ઉપાશ્રયમાં વ્યવસ્થા કરનારના નામ નંબર હોય. આગળના સ્થળોમાં બે બાજુ પણ તેઓના નંબરાદિ હોય તો સંપર્ક કરવો સરળ પડે. આ કાર્ય મહત્ત્વનું છે. ઉનાળામાં લાંબો વિહાર કર્યો હોય ત્યારે આ કાર્ય આશીર્વાદ રૂપે ઘણીવાર થઇ જાય છે.

(૭) **જ્ઞાનભંડાર :** જ્ઞાનભંડારના પુસ્તકો વિહાર કરીને આવેલ પૂ. સાધુ-સાધ્વીજી મ. સા. ને પુસ્તકાદિ ભણવા માટે જરૂર હોય તો ક્યાંથી મેળવવા ? જો એક રીટાયર્ડ વ્યક્તિની પાસે પોતાના સંઘનું કે આજુબાજુના સંઘોનું List હોય તો તુરંત પુસ્તક હોય તો મંગાવી શકાય છે. આ કાર્ય અત્યંત મહત્વનું છે. કારણ કે પુસ્તક વિના અભ્યાસ આગળ થતો નથી. આ કાર્ય માટે ૫-૭ યુવાનો લાઇનમાં ઉભા હોય અને તેઓને ના પાડવી પડે તેવું વાતાવરણ બનાવવું જોઇએ.

**(૮) પાઠશાળા :** રીટાયર્ડ વ્યક્તિ જો ધારે તો પાઠશાળાના બાળકોની ગાથા-સ્તવન-સ્તુતિ વગેરે લે. રોજ પુનરાવર્તન કરાવવા મોટા ઉંમરવાળાના પણ અલગ સૂત્રો શુદ્ધ લેવા જોઇએ. આગળ ગાથાઓ ધાર્મિક શિક્ષકને આપે પણ પાછળના સૂત્રોનું શું ?

તે રોજ લેવાય તો પાકા રહે. તેથી બે-ચાર વ્યક્તિ બાળકોના પાછળના સૂત્રો સાંભળીને પાકા કરાવે.

**(૯) સામૂહિક ગ્રંથવાંચન :** રોજ બપોરે ૩ થી ૪ જો Senior Citizen ભાઇઓ-બહેનો અલગ-અલગ તેઓને ઉપયોગી ગ્રંથો વાંચે તો તેઓને સારી સમજ પણ મળે અને પ્રેરણા પણ મળે. સાથે બેસીને વાંચવાથી, વિચારોની આપ-લે થવાથી ઘણા નવા નવા રસ્તા મળે છે. તેથી સામૂહિક ગ્રંથ વાંચન જીવનમાં શાંતિ-સમાધિ માટે ખૂબ જરૂરી છે.

**(૧૦) પ્રવચન શ્રવણ :** લગભગ Senior Citizen વ્યાખ્યાનમાં આવે છે. પણ જો ગ્રુપ બને તો સહજ રીતે સંખ્યા વ્યાખ્યાનમાં વધે છે. સિનિયર સિટીઝનને માટે વ્યાખ્યાન મહત્વનું છે. કારણ પ્રાયઃ પરભવના આયુષ્ય બંધનો સમય શરૂ થતો હોય તો વ્યાખ્યાન દ્વારા શુભભાવમાં જીવ રમે અને જો આયુષ્ય બંધ થાય તો નવું સારું આયુષ્ય બંધાય.

**(૧૧) પૂજા-આરતી :** જો સામૂહિક રીતે પૂજા-આરતી Senior Citizen કરે તો ઉત્સાહ ખૂબ આવે. સાંજે ૩-૫ ભક્તિગીતો સાથે આરતી-મંગળ દીવો કરવામાં આવે તો ભક્તિગીતો દ્વારા અનેરો આનંદ આવે. સામૂહિક આરાધનાથી સામૂહિક પુણ્ય બંધાય અને સામૂહિક ભક્તિથી ઉલ્લાસનું વાતાવરણ સહજ બને.

**(૧૨) પ્રચારક ટીમ :** જો જૈનસંઘને સારા પ્રચારક R.S.S., વિશ્વ હિંદુ પરિષદની જેમ મળે તો ધર્મ પ્રચાર સુંદર થઇ શકે. આવા પ્રચારકોની જૈન સંઘમાં ખૂબ જ જરૂર છે. અમારી ભાવના તો આવા પ્રચારકોને તપોવનમાં રાખી ચારે બાજુ મોકલવાની છે. જો એકલો retire વ્યક્તિ હોય તો તપોવનમાં રહેવાદિ

વ્યવસ્થા પણ થઇ શકે. રસ ધરાવનાર પ્રચારક બનવાની ઇચ્છાવાળા સશક્ત ભાઇઓએ **8690196003** ઉપર સંપર્ક કરવો. અનેક પ્રકારના પ્રચારકો હોય છે (૧) કોઇક જાહેરમાં Speech આપીને લોકોને જાગ્રત કરે. (૨) કોઇક door to door પ્રચાર કરે. (૩) કોઇક Personal પ્રચારમાં હોંશિયાર હોય. (૪) કોઇક દલીલ કરીને સામેવાળાને સમજાવે તો કોઇક શાસ્ત્રપાઠ લઇને સમજાવે. (૫) સરળ વ્યક્તિને સમજાવવા સહેલા હોય છે તેવા વ્યક્તિઓ ગામડામાં મળે અને ગામડામાં પ્રચાર માટે જવું પડે. (૬) કોઇકને અંગ્રેજી-હિંદી-ગુજરાતી વગેરે ભાષામાં સમજાવવું પડે. (૭) કોઇકને વળી Chat અથવા Video Calling થી સમજાવવું પડે.